Seat No. : _______________

# SL-126

**September-2020**

**B.A., Sem.-VI**

**CC-314-A : Gujarati**

**"આપણાં સૉનેટ" – સંપા. ચંદ્રશંકર ભટ્ટ**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

## વિભાગ – I

કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ગુણ સરખા છે.)

1. સૉનેટની વિભાવના આપી, સૉનેટ સાહિત્યસ્વરૂપના પ્રમુખ લક્ષણોની ચર્ચા કરો. **14**

2. (1) ગુજરાતીમાં સૉનેટનો ઉદ્‌ભવ અને વિકાસ વર્ણવો. **7**

   (2) સૉનેટ ક્ષેત્રે બ.ક. ઠાકોરનું પ્રદાન **7**

3. 'આપણાં સૉનેટ'માં સંગ્રહિત પ્રકૃતિ નિરૂપણનાં સૉનેટની ચર્ચા કરો. **14**

4. (1) 'આપણાં સૉનેટ'માં પ્રણય નિરૂપણ. **7**

   (2) 'મોગરો' સૉનેટની રસલક્ષી ચર્ચા કરો. **7**

5. 'આપણાં સૉનેટ'માં સંગ્રહિત ઉમાશંકર જોશીના સૉનેટની આસ્વાદલક્ષી ચર્ચા કરો. **14**

6. (1) 'જૂનું ઘર ખાલી કરતાં' સૉનેટમાં કારુણ્ય. **7**

   (2) 'વળાવી બા આવી' સૉનેટનું રસદર્શન કરો. **7**

7. સૉનેટનાં ત્રણ પ્રકારો સદષ્ટાંત લખો. **14**

8. 'આપણાં સૉનેટ'માં સંગ્રહિત રાજેન્દ્ર શાહની બે સૉનેટની સમીક્ષા કરો. **14**

## વિભાગ – II
## (ફરજિયાત)

9. યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : (કોઈપણ **આઠ**) **8**

(1) સૉનેટ સાહિત્યસ્વરૂપનો ઉદ્ભવ ______ દેશમાં થયો હતો.

(ભારત, સેનેગલ, ઇટાલી)

(2) સૉનેટ શબ્દ ______ ઇટાલિયન શબ્દ ઉપરથી આવ્યો છે.

(Lyric, Sonneto, Elegy)

(3) સૉનેટના મુખ્ય ______ પ્રકાર છે.

(બે, ત્રણ, પાંચ)

(4) અષ્ટક (આઠ લીટી) અને ષટ્ક (છ લીટી)ની રચના ______ પ્રકારના સૉનેટમાં હોય છે.

(પેટ્રાર્કશાઈ, શેક્સપિયરશાઈ, મિલ્ટનશાઈ)

(5) 'સૉનેટમાં એક જ વિચારકણ, એક જ રાગબિંદુ, એક જ અનુભવઅંશ પ્રગટ થઈ શકે' – આ વિધાન ______ નું છે.

(કાન્ત, બ.ક. ઠાકોર, ઉમાશંકર જોશી)

(6) ગુજરાતી સાહિત્યમાં સૉનેટના પિતા તરીકે ______ ઓળખાય છે.

(સુન્દરમ્, કલાપી, બ.ક. ઠાકોર)

(7) 'ખખડ થતીને ખોડંગાતી જતી ડમણી જૂની' પંક્તિના કવિ ______ છે.

(ઉશનસ, રાજેન્દ્ર શાહ, બ.ક. ઠાકોર)

(8) 'ભરતી' સૉનેટના કવિ ______ છે.

(ઉમાશંકર જોશી, બ.ક. ઠાકોર, કૃષ્ણલાલ શ્રીધરાણી)

(9) જયંત પાઠકના વતનપ્રેમને વ્યક્ત કરતું સૉનેટ ______ છે.

(વિદાય, વતનથી વિદાય થતાં, બાને)

(10) તાપણી પાસે બેઠેલ વૃદ્ધની સ્વગતોક્તિ ______ સૉનેટમાં વ્યક્ત થઈ છે.

(વૃદ્ધ પ્રીતિ, પરોઢે, હું જાણું)

(11) 'તુલસીપર્ણ' સૉનેટ ભગવતીકુમાર શર્માના ______ કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે.

(છંદો છે પાંદડા જેના, સંભવ, અઢી અક્ષરનું ચોમાસું)

(12) કાન્તનું મિત્રપ્રેમને અભિવ્યક્ત કરતું સૉનેટ ______ છે.

(ઉપાલંભ, ઉદ્દગાર, ઉપહાર)

(13) 'છેલ્લું દર્શન' સૉનેટનો વિષય ______ છે.

(પુત્રનું મૃત્યુ, પત્નીનું મૃત્યુ, બેનનું મૃત્યુ)

(14) 'રડો ન મુજ મૃત્યુ ને ! ' સૉનેટમાં ______ નું મૃત્યુ કાવ્યનો વિષય બને છે.

(ગાંધીજી, સરદાર, નેતાજી)

(15) 'જઠરાગ્નિ' સૉનેટ ______ છંદમાં રચાયેલું છે.

(મંદાક્રાન્તા, પૃથ્વી, ઉપજાતિ)

(16) નટવરલાલ કુબેરદાસ પંડ્યાની સૉનેટ રચના ______ છે.

(બાનો ફોટોગ્રાફ, વળાવી બા આવી, બાનો વાડો)

---

Seat No. : _______________

# SL-126

**September-2020**

**B.A., Sem.-VI**

**CC-314-B : Gujarati**
**(Akha Na Chhappa)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

## વિભાગ – I

નીચેના આઠ પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો :

1. અખાના જીવન અને સાહિત્ય સર્જનનો પરિચય આપો. **14**

2. છપ્પાનું સાહિત્ય સ્વરૂપ સમજાવી, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં છપ્પાના ઉદ્‌ભવ અને વિકાસની રૂપરેખા આપો. **14**

3. છપ્પાના સ્વરૂપને ધ્યાનમાં રાખી 'અખાના છપ્પા'નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **14**

4. "અખાને મન ભાષાએ સાધન હતું, સાધ્ય નહીં." – આ વિધાનની સાધક બાધક ચર્ચા કરો. **14**

5. "છપ્પા એ અખાનો જ નહીં પણ ગુજરાતી સાહિત્યનો એક ઉત્તમ ગ્રંથ છે." – આ વિધાનના સંદર્ભમાં અખાના છપ્પાનું મૂલ્યાંકન કરો. **14**

6. "અખો એટલે દૃષ્ટાંતોનો કુબેર". – આ વિધાનના સંદર્ભમાં અખાના ભાષા પ્રભુત્વની ચર્ચા કરો. **14**

7. નીચેના ગદ્યખંડનો સારાંશ લખો : **14**

વાહનને મુકામની ખબર નથી, ઔષધને દરદીની જાણ નથી, તેમ વિજ્ઞાન અને યંત્રને પોતાને દિશા કે ધ્યેય છે નહીં, એ દિશા ને ધ્યેય મનુષ્યે આપવાનું રહ્યું. એ માનવધર્મથી, હૃદયધર્મથી આપી શકાય. ધર્મચિન્તન, દર્શન કે લલિત સાહિત્ય એ આપી શકે, કેમ કે એમાં હૃદયભાવની વાત સાક્ષાત્કારરૂપે માનવહૃદય પામે છે. તંત્ર, યંત્ર કે વિજ્ઞાનનું વસ્તુગત સ્વરૂપ ગમે તે હોય, તેનું ખરું સત્ય તો તેના માનવીય મૂલ્યમાં રહેલું છે, અને તેનું દર્શન કવિ જ કરી શકે. કવિએ પોતાની ચૈતસિક રસાયનશાળામાં જીવનનાં બધાં જ પદાર્થો ને બધાં જ મૂલ્યો આણવાનાં છે. કલ્પનાની પાંખ એ શું કામ સંકોચાવતો હશે ? એની ઉડ્ડળમાં એણે સકલ જગતને અને સકલ જીવનને આણવાનું છે, રવિ સુધી કવિને જવાની વાત મિથ્યા નથી, રવિનું વસ્તુગત સત્ય પ્રકૃતિ પાસે હશે તે હશે, તેના કરતાં બુદ્ધિના પ્રેરણાદાતા તરીકે તેનું સત્ય વધારે સાચું છે, ને એ જ ઋગ્વેદનો કવિ ગાય છે. સર્વ લક્ષ્ય-પદાર્થ પાછળ જે અલક્ષ્ય નિયામક તત્ત્વ છે તેના પ્રકાશમાં કવિ જુએ અને પદાર્થમાત્રનું રહસ્ય પ્રગટ કરે. કવિતાની આ સહજ ક્રિયા છે, તો કવિનો આ સહજ ધર્મ છે કે એના વ્યાપમાં આવતા જીવનખંડને એ પોતાની એટલે કે માનવીય દૃષ્ટિએ જુએ. તેની દૃષ્ટિ જેટલી વિશદ ને સૂક્ષ્મ તેટલી એ સર્વ માનવની પ્રતિનિધિ થવાની.

8. નીચેના ગદ્યખંડનો સારાંશ લખો : **14**

જેઓ માને છે કે કળા એ જીવનની નીરસ વસ્તુ સ્થિતિમાંથી ખસી જવા માટે છે તેમને જીવનનો બહુ કડવો અનુભવ તો થયો હશે જ, પણ એથી યે વધારે, તેઓ જીવનથી હારેલા હોવા જોઈએ. દુઃખ, દારિદ્રય, અન્યાય અને મૂંઝવણથી માણસ અકળાય પણ જીવનથી હારે નહીં. જીવનનું સ્વરૂપ જ એવું છે કે એના દરેક પાસામાંથી પરાક્રમની પ્રેરણા મળે છે. પણ જ્યારે માણસ અર્થવિહીન, નીરસ અને એદી જીવન ગાળે છે ત્યારે જીવન અપમાનિત થાય છે. પછી માણસને ક્યાંય ચેન નથી પડતું, ઈચ્છાતૃપ્તિ અને પ્રતિષ્ઠા જીવનનું તમામ ઔત્સુક્ય મારી નાખે છે. પછી કેવળ ક્લેશ ને ક્લેશ જ રહે છે. એવા લોકોને Escape from life જોઈએ છે અને તે તેઓ કળામાં શોધે છે.

એદીપણે ખાવું પીવું, આખો વખત સાહિત્ય વાંચવું, સંગીત સાંભળવું એટલું જ એમનું જીવન છે. તેમને માટે કલાની ધાર પણ બુઠ્ઠી થઈ જાય છે. કશામાંયે એમને રસ પડતો નથી. તેમના જીવન આગળ એક આંધળી દીવાલ જ ઊભી રહે છે. જીવનમાંથી બચી જવા કળામાં ઊતર્યા ત્યાં પણ કંટાળો અને અરુચિ તેમને છોડતાં નથી. હવે નાસીને ક્યાં જાય ? ખરું જોતાં એમણે જીવનદ્રોહ છોડી દઈ ખરા જીવનમાં જ પ્રવેશ કરવો જોઈએ. સંગીત સાંભળવાને બદલે જો તેઓ પોતે ગાતાં-વગાડતાં શીખી લે, રૂપાળાં પૂંઠાવાળી ચોપડીઓ ખોળામાં રાખી નિસાસા નાખવાને બદલે પોતાના ખરેખરા અનુભવો શબ્દબદ્ધ કરવાનો પ્રયત્ન કરે તો કળા એમને માટે Escape into life થઈ જશે. જેઓ જીવનદ્રોહી છે તેમને કળા શી રીતે ઉગારવાની હતી ?

## વિભાગ – II

9. યોગ્ય વિકલ્પ શોધી નીચેનામાંથી કુલ **આઠ** પ્રશ્નોના જવાબ આપો : **8**

(1) અખાનો જન્મ ક્યાં થયો હતો ?
(અમદાવાદ, વડોદરા, જેતલપુર)

(2) અખો કઈ સદીમાં થઈ ગયેલો સર્જક છે ?
(પંદરમી, સોળમી, સત્તરમી)

(3) અખાને વેદાંતનું જ્ઞાન કયા ગુરુ પાસેથી મળેલું ?
(બ્રહ્માનંદ, દેવાનંદ, ગોકુળનાથ)

(4) નીચેનામાંથી કયા શબ્દો અખાનું બહુમાન કરવા વપરાયા છે ?
(આખ્યાન શિરોમણી, ગુજરાતની ગોપી, ગુજરાતનો કબીર)

(5) 'અખાના છપ્પા' પુસ્તકનું સંપાદન કોણે કરેલું છે ?
(સુંદરમ્, ઉમાશંકર જોશી, ગાંધીજી)

(6) "છીંડુ ખોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ" –
આ પંક્તિ કયા અંગમાં આવે છે ?
(ચાનક અંગ, કવિ અંગ, પ્રાપ્તિ અંગ)

(7) અખાના છપ્પા કયા છંદમાં લખાયેલા છે ?
(ચોપાઈ, દોહરો, પૃથ્વી)

(8) "જ્યમ સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી વળ્યો ઘેર આપ" –
આ પંક્તિ કયા અંગમાં આવે છે ?
(શિષ્ય અંગ, ગુરુ અંગ, કવિ અંગ)

(9) "બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણ્યે પાર" –
આ પંક્તિ કયા અંગમાં આવે છે ?
(ભાષા અંગ, શિષ્ય અંગ, કવિ અંગ)

(10) "પ્રાપ્ત રામ કરે તે ગુરુ, બજા ગુરુ તે લાગ્યા વરુ" –
આ પંક્તિમાં અખો કોનું મહત્ત્વ દર્શાવે છે ?
(સાચા ગુરુ, દંભી ગુરુ, સાચો શિષ્ય)

(11) "વેશ ટકે છે આડી ગલી, માંહી પેઠો શકે ન નીકળી" –
આ પંક્તિ કયા અંગમાં આવે છે ?
(ગુરુ અંગ, શિષ્ય અંગ, પ્રાપ્તિ અંગ)

(12) "છળ નિંદા જો નવ વીસરે, તો ખડિયો ખાંધ ને શું નીસરે ?" –
આ પંક્તિમાં અખો શેની વ્યર્થતા દર્શાવે છે ?
(ભક્તિ, જ્ઞાન, તીર્થાટન)

(13) અખો જ્ઞાનીને શું ગણવાની ના પાડે છે ?
(કવિ, વેપારી, ગુરુ)

(14) અખાની 'પરિણત પ્રજ્ઞાનું ફળ' કઈ કૃતિને માનવામાં આવે છે ?
(અનુભવબિંદુ, છપ્પા, અખેગીતા)

(15) અખાને કયા દંભી ગુરુનો પરિચય થયેલો ?
(દેવાનંદ, બ્રહ્માનંદ, ગોકુળનાથ)

(16) અખાએ છપ્પાને કયા નામથી વિભાગોમાં વહેંચ્યા છે ?
(કડવા, પ્રકરણ, અંગ)